**કોઇ સિંહણ બચ્ચાઓને શિકાર શીખવવા બીજી સિંહણોને આઉટસોર્સ કરતી નથી બીજા સમૂહ કે અન્ય પ્રાણીઓને જવાબદારી સોંપતી નથી. પોતાના જણેલા બચ્ચાઓને સિંહણ પોતે જ સંસ્કાર આપે છે, કેમ કે તે સમય ફાળવે છે. એક મનુષ્ય જ શિક્ષણ અને સંસ્કારનો આધાર આઉટસોર્સ કરે છે. દરેક માતાપિતા એક જવાબદારી લે કે મારા બાળકો ક્યારેય ખોટું નહીં બોલે, ખોટું નહીં વિચારે અને ખોટું કર્મ નહીં કરે તો આ દુનિયાને સુધારવાની જરૂર જ નહીં પડે**

# સંતાનોમાં માટે સમય નથી તો તમે સૌથી વધુ ગરીબ છો

બીએપીએસ સાધુ બ્રહ્મવિહારી દાસજી

સમાજમાં એક પ્રશ્ન વારંવાર પડઘાયા કરે છે પણ તે કોઇને સંભળતો નથી. માતાપિતાએ જન્મ આપેલા બાળકો તેમનાથી વિખૂટા કેમ પડી જાય છે? નિર્દોષ બાળપણમાંથી દિશાહીન યુવાની તરફ ધસમસતી આપણી નવી પેઢી, આપણાં સનાતન મૂલ્યોથી શા માટે મોં ફેરવી રહી છે? લાગે છે કે આ સમસ્યાઓનો દર ઘટી શકશે? શું આનો કોઈ જ ઇલાજ નથી? મંથન કરવાનો સમય પાકી ગયો છે. ચિંતકો, ટીન એજ સાઇકોલોજિસ્ટો અને સાઇકિઆટ્રિસ્ટો વિશ્વભરમાંથી એક જ ભલામણ કરે છે : માતાપિતા જાગે તો વિશ્વ જાગે! પરંતુ ૨૧મી સદીનાં માતાપિતાને સવાલ છે, તમે જાગો છો? જે સંતાનોને જન્મ આપીને પેટે પાટા બાંધીને માતાપિતા ઉછેરે છે, એના સાઇકોસ્પિરિચ્યુઅલ એટલે કે 'મનોઆધ્યાત્મિક' વિકાસ માટે માતાપિતા તરીકે આપણે શું કરીએ છીએ?

એક સમૃદ્ધ માતાપિતા પોતાના એકના એક બાળકને ચાઇલ્ડ સાઇકોલોજિસ્ટ પાસે લઇ ગયા. ચિકિત્સકે પૂછ્યું પ્રશ્ન શું છે? માતાપિતાએ જણાવ્યું કે ''વી હેવ એ પ્રોબ્લેમ ચાઇલ્ડ', વધુ સમજાવતા કહ્યું, 'અમારા દીકરાને અમે સારામાં સારું ભોજન, સારામાં સારી રમતો, સારામાં સારી સ્કૂલ, સારામાં સારા સાધનો, સારામાં સારી સુવિધાઓ પૂરી પાડીએ છીએ, પણ એ સમજતો જ નથી અને કંઇ સાંભળતો જ નથી.' ચિકિત્સકે કહ્યું, 'તમે સારામાં સારો સમય આપો છો?' માતાપિતા એકબીજાના મુખ સામે તાકી રહ્યાં. 'અમે એકબીજાને જ સમય આપી શકતા નથી તો પુત્રને ક્યાંથી આપીએ? સમય અમારી પાસે હોય તો અમે તેને આપીએને?' તરત જ ચિકિત્સકે તારણ કાઢી બતાવ્યું વી ડોન્ટ હેવ પ્રોબ્લેમ ચાઇલ્ડ, વી હેવ પ્રોબ્લેમ પેરેન્ટ.

જો માતાપિતા પાસે સમય જ નથી તો બાળકોમાં સંસ્કાર ક્યાંથી પાકશે. બાળકોના અંગતખેડૂત માતાપિતા છે. બાળકો શાળાએથી ઘરે પાછા આવે છે, સાંજે રમીને ગંદા થઈને ઘરે આવે છે, માતાપિતા તેમને નવડાવીને શુદ્ધ કરે છે, આ શરીરની શુદ્ધિ માટે માતાપિતા કાળજી રાખે છે. પરંતુ દરરોજ ઘરની બહાર અને ઘરની અંદર ટી.વી. દ્વારા મન પર નેગેટિવ અસરોનો કચરો જામે છે, એને ધોવા માટે માતાપિતા રોજેરોજ શું ઇલાજ કરે છે? રોજની મલિનતા રોજ ન ધોવાય તો એ મલિનતાના ગઠ્ઠા ક્યારેય ધોઈ શકાશે ખરા? એવી કાળજી કેટલી છે? માતાપિતાને સવાલ છે. જીવનમાં સતત હારજીતના આટાપાટા ખેલાતા રહે છે. હારજીતના સંગ્રામો, પરીક્ષાઓના સંઘર્ષો, પીઅર પ્રેશરનાં કુરુક્ષેત્રો વચ્ચે આપણી ટીન એજ પેઢી ક્યારેય જિંદગી હારી ન જાય, એ માટે



માતાપિતા તરીકે આપણે કયું રક્ષાકવચ એમને આપ્યું છે? ડિપ્રેશન તો શું! એને આત્મહત્યાનો વિચાર પણ અભડાવી ન શકે એવું આત્મબળ અને અટલ શ્રદ્ધા સિંચવા, શા પ્રયત્નો થાય છે? એ માતાપિતાને સવાલ છે. દુનિયાભરના ટીન એજ સાઇકિઆટ્રિસ્ટો અને ચિંતકો ઘાંટો પાડીને માતાપિતાને કહે છે : ટીન એજ સંતાનોને જાળવવા માટે તેની સાથે સમય કાઢીને બેસો, તેની સાથે સારા વિચારોનું આદાનપ્રદાન કરો, તેની સાથે સેતુ સાધો. પરંતુ કોની પાસે સમય છે? સમય છે તો સૂઝ ક્યાં છે?

ક્યારેક માતાપિતા સમાજ, વ્યવહાર કે ધંધાવ્યાપારનાં કાર્યોમાં એટલાં વ્યસ્ત થઈ જાય છે કે તેમનાં કુમળાં સંતાનોને બીજાં આખલા જેવા પરિબળો ચરી જાય છે, તે જોવાનો વખત પણ ક્યાં છે! તો કેવી રીતે આ ગજગ્રાહ જેવી સમસ્યાને નિવારી શકાય? ઉત્તર હાથવગો છે : ઘરસભા! પ્રમુખસ્વામી મહારાજે સૂચવેલો આ મહામૂલો ઉપાય બધાં જ માતાપિતા અપનાવી લે તો? તો એક યુગપરિવર્તન થઈ જાય. બાળકોનાં મન પર ચડેલી મલિનતાને રોજેરોજ ધોવા માટે ઘરસભા જેવી નિર્મળી બીજી ક્યાં છે?! અને દર અઠવાડિયે માતાપિતા પોતાનાં ટીન એજ સંતાનોને સત્સંગસભામાં લઈ જઈને તેના કુમળા માનસ પર પડેલા ઘાને નિયમિત સારવાર આપતાં રહે તો તેના જેવી સંજીવની બીજે ક્યાં છે?! પ્રમુખસ્વામી મહારાજ એક ધર્મસંસ્થાના વડા, ઉપરાંત એક યુગપુરુષ, એક ભગવત્સ્વરૂપ મહાપુરુષ છે અને એ બધા પરિચયો કરતાંય અહીં વધુ યોગ્ય પરિચય છે : લાખો બાળકોયુવાનોની સંવેદનાના સ્વામી! લાખો યુવાનોની સંવેદનાનાં તૂટતાંતાર એમણે સંભાળ્યા છે, ચડતીપડતીનાં પગથિયાંઓ પર ગડથોલાં ખાતાં કંઈક યુવાનોને એમણે હૂંફ અને સહારો આપ્યો છે, અસંખ્ય યુવાનોનાં આંસુ લૂછીને એમનાં ખાલી હૈયાંને પવિત્ર ઉત્સાહથી ભરી દીધાં છે, અધવચ્ચે જિંદગીનો કાંઠો તરી જવાની ઘેલછા કરતા કંઈક યુવાનોને સ્નેહથી સાચા માર્ગે વાળ્યા છે, કંઈકને તાર્યાં છે, કંઈકને ઉગાર્યાં છે, જેમના પવિત્ર પ્રભાવે દેશવિદેશમાં અસંખ્ય ટીન એજ યુવાનો મૂલ્યનિષ્ઠ યુવા તરીકે ગૌરવવંતું ઉજ્જળ જીવન જીવી રહ્યા છે એ છે પ્રમુખસ્વામી મહારાજ! લાખો ટીન એજ માતાપિતાનો અનુભવ, પ્રમુખસ્વામી મહારાજનાં જીવનમાં સમાયો છે! અને એવા એ સ્વામી ચીંધ્યો માર્ગ છે : ઘરસભા! ઘરસભાથી આપણે આપણાં સંતાનો વચ્ચે સેતુ બાંધીએ અને એમને તારીએ, સાથે સાથે આપણને, સમાજને અને રાષ્ટ્રને તારીએ, એમાં પણ અંતે માબાપની જ સૌથી મોટી ભૂમિકા છે. ઘરસભામાં આળસ કરીને, ઘરસભા ન કરીને, કોઈ માતાપિતા શું પામવાના છે? એ જ કે એમનાં સંતાનો એમનાથી મોં ફેરવી લે? ક્યારેક મનમાં એમ થાય છે કે, આપણી પાસે શું ખૂટે છે? આપણી પાસે આવા અગાધ અનુભવો ધરાવતા મહાપુરુષોનું માર્ગદર્શન છે, આપણી પાસે હજારો વર્ષોથી વહેતી સંસ્કૃતિની પવિત્ર પરંપરાઓ છે, આપણી પાસે સત્યઅસત્યનું વિવેકદર્શન આપતાં પવિત્ર શાસ્ત્રોના ભંડારો છે, આપણી પાસે આપણાં સંતાનોની રોલમોડેલ તરીકે આદર્શ ચીંધી શકાય એવાં મહાન વ્યક્તિત્વોની હારમાળાઓ છે, જગતમાં ચારે તરફથી આંધી ઉઠી હોય તેવા સંજોગોમાં પણ આપણને ઉની આંચ ન આવવા દે એવી રક્ષાકવચ સમી ધર્મમર્યાદાઓ છે અને આપણને પ્રેમાળ હૂંફ આપીને જીવનની ડોલતી નૌકાને તારી આપે એવા ખેવૈયા સંતો છે, અને આપણાં જ સંતાનો તેનાથી વંચિત રહી જાય છે? વહેતી નદીને કાંઠે આપણાં સંતાનો તરસ્યા કેમ રહે છે? શું ખૂટે છે? એક જ : સંકલ્પશક્તિ!

સંકલ્પશક્તિનો જ સદંતર અભાવ! પ્રત્યેક માબાપે એક દૃઢ સંકલ્પ કરવો જ પડે : મારે મારાં સંતાનોને શ્રેષ્ઠ સંસ્કાર આપવા છે અને આ માટે જે કાંઈ કરવું પડે તે બધું જ કરવું છે! સંતાનોના સંસ્કારના ભોગે કાંઈ જ નહીં, કાંઈ જ નહીં, કાંઈ જ નહીં! કુદરત પણ આપણને આ બોધ શીખવે છે. તાજેતરમાં આફ્રિકાના સેરેનગેટીના વિસ્તારમાં એક સિંહણ તેના ચાર બચ્ચાને શિકાર કરવાનું શિખવાડતા જોવા મળી. ચારથી પાંચ કલાક ઘાસમાં લપાઇ રહી... હળવેથી ચાલે, હળવેથી જુએ. બચ્ચાઓને શીખવવામાં હરણ છટકી ગયું. છતાં ધીરજ અને પ્રેમથી સિંહણે પોતાના બચ્ચાઓને શિખવાડવાનું ચાલુ રાખ્યું. કોઇ સિંહણ પોતાના સંતાનોને જીવનજરૂરિયાતનો માર્ગ શિકાર શિખવવાનું કામ બીજી સિંહણોને આઉટસોર્સ કરતી નથી. બીજા સમૂહ કે અન્ય પ્રાણીઓને જવાબદારી સોંપતી નથી. પોતાના જણેલા બચ્ચાઓને સિંહણ પોતે જ સંસ્કાર આપે છે, કેમ કે તે સમય ફાળવે છે. એક મનુષ્ય જ શિક્ષણ અને સંસ્કારનો આધાર આઉટસોર્સ કરે છે. દરેક માતાપિતા એક જવાબદારી લે કે મારા બાળકો ક્યારેય ખોટું નહીં બોલે, ખોટું નહીં વિચારે અને ખોટું કર્મ નહીં કરે તો આ દુનિયાને સુધારવાની જરૂર જ નહીં પડે. માતાપિતાના એક શબ્દની કેટલી અસર પડે છે.

સાઉથ આફ્રિકામાં જહોનિસબર્ગની ૪૦૦ કિ.મી. દૂર નાનકડા ઝનીન ગામમાં હતાં. ત્યાં એક આશ્ચર્ય જોયું. નાનકડાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં એક આફ્રિકન ભાઇ તેના કુટુંબ સહિત સત્સંગ સભામાં બેઠાં હતાં. છેક મોઝામ્બિક દેશથી આવેલા. હરિભક્તોએ જાણ કરી કે વિલ્સન નથી અંગ્રેજી સમજી શકતા કે સ્થાનિક વિસ્તારની ભાષા સૂટૂ કે સંઘાની પણ બોલી શકતા નથી, છતાં પણ છેલ્લાં ત્રણ વર્ષથી નિયમિત સત્સંગ સભામાં આવે છે. મેં કુતૂહલતાથી વિલ્સનને તૂટકતૂટક ભાષા અને હાથના ઈશારે પૂછ્યું, 'તમને કાંઈ સમજાતું નથી તો મંદિર અને સભામાં કેમ આવો છો?' તેમનો જવાબ પ્રેરક હતો, 'હું મારા દેશ મોઝામ્બિકથી નીકળ્યો ત્યારે મારા પિતાએ મને કહ્યું હતું કે તું નિયમિત હિન્દુ મંદિરમાં જજે.' માતાપિતાના એક વેણમાં જીવનભરની તાકાત સમાયેલી છે. તો આજના માતાપિતા એ કેમ વાપરતા નથી.?

## ફોરેન્સિક સાયન્સ સમયનો તકાજો છે

આખા ભારતમાં ગુજરાત જ એવું રાજ્ય છે જે જ્યાં સરકારે ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીની સ્થાપના કરી છે. ગુનાખોરીની દુનિયામાં હવે જ્યારે ગુનેગારો અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ કરી રહયા છે ત્યારે ગુનાખોરીનો ઉકેલ જટિલ બન્યો છે આવી સ્થિતિમાં ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી એવું શિક્ષણ આપે છે કે જેમાં વિજ્ઞાન અને ટેકનોલોજીની મદદથી અનેક ગુનાઓ ચપટી વગાડતા ઉકેલી શકાય છે. ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી પોસ્ટ ગ્રેજ્યુએટ અભ્યાસક્રમોનું સંચાલન કરી રહી છે.

**ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી,**પોલીસ ભવનની બાજુમાં, સેક્ટર ૧૮-એ, ગાંધીનગર. www.gfsu.edu.in

## સાયબર એકસપર્ટની માંગ એરપોર્ટથી લઈને બેંકો સુધી

ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી ફોરેન્સિક સાયન્સના પોસ્ટ ગ્રેજ્યુએટ અભ્યાસક્રમોની સાથે ઓનલાઇન સાઇબર ક્રાઇમ પ્રિવેન્શનના અભ્યાસક્રમોનું પણ સંચાલન કરી રહી છે. કોઈપણ ફેકલ્ટીમાંથી ગ્રેજ્યુએટ થયેલા વિદ્યાર્થીઓ આ ઓનલાઇન અભ્યાસક્રમોમાં જોડાઈને કારકિર્દીમાં મહત્વની વેલ્યુ એડશિન કરી શકે છે. સાઈબર સ્પેશિયાલિસ્ટની ડિમાન્ડ એરપોર્ટથી શરૂ કરીને લોકલ બેંકો સુધી છે. રસ ધરાવતા ગ્રેજ્યુએટ ઉમેદવારોએ નીચેના સરનામે સંપર્ક કરવો. તદુપરાંત ૨૦૧૪-૧૫ના વર્ષથી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કેમ્પસમાં પણ બે વર્ષનો પી.જી.ઇન સાયબર સિક્યુરિટી કોર્સ શરૂ કરવાનો નિર્ણય લેવાયો છે. રસ ધરાવતા લોકોએ નીચેના સરનામે સંપર્ક કરવો.

**ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી,** પોલીસ ભવનની બાજુમાં, સેક્ટર ૧૮-એ, ગાંધીનગર. www.gfsu.edu.in

**વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,** ઉધના મગદલ્લા રોડ, સુરત www.gfsu.edu.in

## બાયો મેડિકલ એન્જિનિયરિંગ

(સાધણ પાના નં. ૨ નું)

વિદ્યાર્થીઓએ પોતાના ધંધો પણ વિકસાવ્યો છે.

જર્મની અને યુએસએ આ બે દેશોમાં બાયોમેડિકલ એન્જિનિયર માટે ઉજળી તકો હોવાથી વિદ્યાર્થીઓ બી.ઈ. થયા પછી આ બન્ને દેશોમાં આગળ ભણવા જઈ શકે છે. આ સિવાય વ્યવસાયિક તકો પણ આ દેશોમાં ઉજળી છે. બાયોમેડિકલ એન્જિનિયરિંગ બ્રાન્ચમાં કામના કલાકો વધારે હોવાથી છોકરાઓ માટે ખૂબ જ અનુરૂપ બ્રાન્ચ છે. કેમ્પસ પ્લેસમેન્ટ ઓછું થાય છે. આઠમું સેમેસ્ટર પૂરું થયા પછી જ નોકરી મળે છે.

બાયોમેડિકલ બ્રાન્ચનું ભવિષ્ય ગુજરાત અને ભારતમાં જેમ જેમ મેડિકલ ટૂરીઝમનો વિકાસ થઈ રહ્યો છે તેમ તેમ આ બ્રાન્ચમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે નોકરીઓની તકો પણ ઝડપથી વધી રહી છે. આગામી દિવસોમાં સ્પેશ્યાલાઇઝ સાધનો બનાવતી કંપનીઓ ગુજરાતમાં આવી રહી છે, જેના કારણે વિદ્યાર્થીઓ માટે નવી નવી તકો ખુલવાની શકયતા છે. હાલમાં સૌથી વધુ રીસર્ચ આ વિદ્યાશાખાને લગતા વિષયોમાં થઈ રહ્યું છે. બાયો સેન્સર, બાયોએમ્સ અને મેડિકલ ઇમેજિંગ ઉપરાંત રીહેબિલિટેશનના ક્ષેત્રે ખૂબ જ પણ ખૂબ જ ઉજળી તકો રહેલી છે. આ સિવાય વિદેશમાં ફંડેડ એટલે કે સ્પોન્સરશીપ, સ્કોલરશીપ સાથેના રીસર્ચ માટે પણ અનેક તકો ઉપલબ્ધ છે. ટૂંકમાં કહીએ તો વિદ્યાર્થીઓ પાસે પોતે કયા જવા માંગે છે તેની દિશા નક્કી હોય તો આ બ્રાન્ચ તેના માટે ઘણી ઉપયોગી થઈ શકે તેમ છે.